Kirklees Safeguarding Children Board

કર્કલીઝમાં

# બાળ સતામણીની

જાણ કરવી

દરેકજણ માટે એક ટૂંકી માર્ગદર્શિકા

**આ પત્રિકામાં તમને બાળકો પ્રત્યે દુર્વ્યવહાર એટલે કે બાળ સતામણી વિષે અને જો તમે એમ માનતા હો કે કોઇ બાળક માટે નુકસાન થવાનું જોખમ છે તો શું કરવું તેના વિષે વધુ માહિતી આપવામાં આવી છે.**

## બાળકોનું જોખમ સામે રક્ષણ કરવું

- બાળકો અને યુવાન લોકોને ઈજા / નુકસાનથી તેમનું રક્ષણ કરવામાં આવે તેનો મૂળભૂત અધિકાર છે

- જોખમ સામે રક્ષણ કરવું અને બાળકોની સુખાકારીને ઉત્તેજન આપવું એ, માબાપ, સગાંસંબંધી, પડોશીઓ અને વ્યાવસાયિકો સમેત દરેકની જવાબદારી છે

## બાળ સતામણી શું છે?

- બાળકને ઈજા / નુકસાન કરીને, અથવા તેને નુકસાન થતું અટકાવવા પગલાં લેવામાં નિષ્ફળ જઇને વ્યક્તિ બાળક સાથે દુર્વ્યવહાર કરી શકે છે અથવા તેના પ્રત્યે દુર્લક્ષ સેવી શકે છે

- બાળકો સાથે કોઇ કુટુંબમાં, કોઇ સંસ્થા કે કોમ્યુનિટીની જગ્યાએ, તેઓ જેમને ઓળખતાં હોય અને જેમનો વિશ્વાસ કરતાં હોય છે તેમના દ્વારા, અથવા જવલ્લે જ, કોઇ અજાણી વ્યક્તિ દ્વારા, દુર્વ્યવહાર થઇ શકે છે

- તેમની સાથે પુખ્તવયના લોકો અથવા બીજાં બાળકો દ્વારા દુર્વ્યવહાર થઇ શકે છે

**બાળ સતામણીની બાળકના આરોગ્ય, વિકાસ અને સુખાકારીના તમામ પાસાંઓ પર લાંબા-ગાળાની ગંભીર અસરો થઇ શકે છે**

## બાળ સતામણીના મુખ્ય સ્વરૂપોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

### શારીરિક સતામણી

જોરથી મારવું, જોરથી હલાવી નાંખવું, ફેંકી દેવું, ઝેર આપવું, બાળવું અથવા દઝાડવું, ડૂબાડી દેવું, ગૂંગળાવી નાંખવું અથવા બીજી કોઇ રીતે કોઇ બાળકને શારીરિક ઈજા પહોંચાડવી. સગર્ભાવસ્થામાં માના પેટમાં રહેલા બાળકને ઘરેલુ અત્યાચાર / મારપીટથી ઈજા પહોંચી શકે છે.

### લાગણીઓ દુભાવવી

બાળકની એકધારી લાગણીઓ દુભાવવી અથવા તેમની ઉપેક્ષા કરવી જે તેમના ભાવનાત્મક વિકાસ પર માઠી અસર કરે છે. એમાં બાળકોને તેઓ નાલાયક છે, અપ્રિય છે, અથવા નકામાં છે એવું કહેવાનો સમાવેશ થઇ શકે છે. એમાં બાળકોને બીવડાવવાનો અથવા તેમનું શોષણ કરવાનો કે તેમને બગાડવાનો / ખોટા રસ્તે ચઢાવવાનો સમાવેશ થઇ શકે.

### સેક્સ્યુઅલ (લૈંગિક) સતામણી

કોઇ બાળક અથવા યુવાન વ્યક્તિને સેક્સ્યુઅલ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા દબાણ કરવું અથવા લલચાવવું. આમાં બાળકોને કામચેષ્ટા અંગેના અશ્લીલ સાહિત્ય (ફોટા, ચિત્રો વગેરે)ને જોવા, અથવા આવું સાહિત્ય તૈયાર કરવા અથવા સેક્સ્યુઅલ પ્રવૃત્તિઓ નિહાળવાના કામમાં પરોવવાનો અથવા સેક્સ્યુઅલી અયોગ્ય હોય તેવી રીતે વર્તવા પ્રોત્સાહન આપવાનો પણ સમાવેશ થઇ શકે છે.

### ઉપેક્ષા કે અવગણના

બાળકની મૂળભૂત જરૂરિયાતોને પૂરી કરવામાં એકધારી નિષ્ફળતા. એમાં પૂરતું ખાવાનું, આશ્રય (રહેઠાણ) અથવા કપડાં પૂરાં પાડવામાં નિષ્ફળતા, શારીરિક ઈજા કે જોખમથી રક્ષણ આપવામાં અથવા મેડિકલ કૅર (દાક્તરી સંભાળ) મળે તેની ખાતરી કરવામાં નિષ્ફળતાનો સમાવેશ થઇ શકે છે. એમાં બાળકની મૂળભૂત ભાવનાત્મક જરૂરિયાતોની અવગણનાનો પણ સમાવેશ થઇ શકે છે. સગર્ભાવસ્થામાં આવી ઉપેક્ષા આલ્કોહોલ અથવા ડ્રગ્ઝ (માદક પદાર્થો)ના દુરુપયોગને પરિણામે સંભવી શકે છે.

**ઉપર જણાવેલી એક યા તેથી વધુ રીતે બાળકોની સતામણી થઇ શકે છે.**
**જો તમને બાળ સતામણીની શંકા હોય તો, તમારે તેની જાણ કરવી જોઇએ.**

# બાળકોને સુરક્ષિત રાખવાં એ દરેકજણનું કામ છે

**જો તમે એવું કશું જુઓ કે સાંભળો જેનાથી તમને એવું લાગે કે કોઇ બાળકની સતામણી થઇ રહી છે તો કૃપા કરી ચિલ્ડ્રન્સ સોશ્યલ કેરને ફોન કરો અને એ વિષે વાત કરો:**

**ચિલ્ડ્રન્સ સોશ્યલ કેર**
**ડયુટી ઍન્ડ અસૅસમેન્ટ સર્વિસ**
01924 326097, 01924 326076 અથવા 01924 431429

**ઓફિસ પછીના સમયોએ:** 01484 414933

વૅબસાઇટ: www.kirkleessafeguardingchildren.com

## તમે ટેલિફોન કરો ત્યાર પછી, શું કાર્યવાહી થશે?

અમે તાત્કાલિક તપાસ શરૂ કરીશું અને તમે વ્યક્ત કરેલી ચિંતાઓ અંગે ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેની ખાતરી કરીશું. જો અમારી ચકાસણીમાં એવું જણાય કે કોઇ બાળક સાથે દુર્વ્યવહાર થઇ રહ્યો છે તો બાળક કોઇ પણ પ્રકારના નુકસાન કે ઈજાથી સુરક્ષિત રહી શકે તે નિશ્ચિત કરવા અમે જે તે કુટુંબ અને બાળ સંભાળની બીજી એજન્સીઓ સાથે મળીને કામ કરીશું.

**જો તમને તમારી ચિંતાઓની અમારી સાથે ભાગીદારી કરવામાં કે અમને જણાવવામાં કોઇ શંકાકુશંકાઓ હોય તો**

**હું કદાચ ખોટો હોઉં તો શું એવું ન વિચારો -**
**હું ખરો હોઉં તો શું એવું વિચારો**

આ પત્રિકા અંગ્રેજી સિવાયની બીજી ભાષાઓમાં અને ઑડિઓ સી.ડી., મોટી છપાઇ અને બ્રેઈલમાં ઉપલભ્ય કરી શકાય છે.
કૃપા કરી **01484 225161** નંબર પર ફોન કરો.

પત્રિકા રિસાઈકલ્ડ પેપર પર છાપવામાં આવી છે. પ્રસિદ્ધ ઑગષ્ટ ૨૦૧૦